પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૧૦ | ૨૨ જાન્યુઆરી, ૨૦૨૨, શનિવાર; પોષ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાના એક્ટિવ કેસ ૨૦ લાખને પાર

**દેશભરમાં કોવિડ-૧૯ના ૩૪૭૨૫૪ નવા કેસ નોંધાયા : ઓમિક્રોનના કેસમાં પણ વધારો થયો છે : કોરોનાના સક્રિય કેસ એટલે કે હાલમાં કોરોનાની સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા વધીને ૨૦૧૮૮૨૫ થઈ ગઈ છે, ઓમિક્રોનના કુલ કેસ ૯૬૯૨ થયા**



નવી દિલ્હી,તા.૨૧

દેશમાં કોરોના વાયરસની ત્રીજી લહેર વચ્ચે કોવિડ-૧૯ના નવા કેસોમાં દરરોજ વધારો જોવા મળી રહ્યો છે. શુક્રવારે જાહેર કરાયેલા આંકડા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં દેશભરમાં કોવિડ-૧૯ના ૩,૪૭,૨૫૪ નવા કેસ નોંધાયા છે. આ સાથે, એક દિવસમાં સંક્રમણને કારણે ૭૦૩ દર્દીઓનાં મોત થયા છે. દેશમાં આ બીમારીને કારણે અત્યાર સુધીમાં કુલ ૪,૮૮,૩૯૬ લોકોના મોત થયા છે. નવા કેસોમાં સક્રિય કેસોમાં પણ તેજી જોવા મળી રહી છે અને આ આંકડો ૨૦ લાખને વટાવી ગયો છે. દરમિયાન, કોરોનાના નવા વેરિઅન્ટ ઓમિક્રોનના કેસમાં પણ વધારો થયો છે. ઓમિક્રોનના કુલ કેસ ૯,૬૯૨ થયા છે. ભારતમાં, કોરોનાના સક્રિય કેસ એટલે કે હાલમાં કોરોનાની સારવાર લઈ રહેલા લોકોની સંખ્યા વધીને ૨૦,૧૮,૮૨૫ થઈ ગઈ છે. સક્રિય કેસ કુલ કેસના ૫.૨૩ ટકા સુધી પહોંચી ગયા છે. હાલમાં રિકવરી રેટ ૯૩.૫૦ ટકા છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેશમાં ૨,૫૧,૭૭૭ દર્દીઓ સાજા થયા છે, જ્યારે અત્યાર

● અનુસંધાન પાન-૭ પર

# બ્રિટનમાં માસ્ક અને વર્ક ફ્રોમ હોમ સમાપ્ત

**સરકારે કહ્યું- કોવિડ હવે જીવનનો હિસ્સો : ૨૭ જાન્યુઆરીથી ઘરની બહાર કોઈપણ જગ્યાએ માસ્ક લગાવવું જરૂરી રહેશે નહીં : બ્રિટિશ વડા પ્રધાન જોન્સન**

લંડન, તા.૨૧

કોરોનાવાયરસ વિશ્વમાં તબાહી મચાવી રહ્યો છે. કોરોના મહામારી હવે ત્રીજા વર્ષમાં પહોંચી ગઈ છે. કોરોના વાયરસના નવા પ્રકારો બ્રિટનમાં તબાહી મચાવી રહ્યા છે. જોકે રાહતની વાત છે કે મૃત્યુઆંક ઘટી રહ્યો છે. હવે સરકારે પણ ધીમે-ધીમે કોરોના પ્રતિબંધો હટાવવાનું શરૂ કર્યું છે. ૨૭ જાન્યુઆરીથી માસ્ક અને વર્ક ફ્રોમ હોમ પણ બંધ કરવામાં આવ્યું છે. સરકારે કહ્યું કે કોરોના હવે આપણા જીવનનો એક ભાગ છે. આપણે તેની સાથે જીવતા શીખવું પડશે.

કોરોના સંક્રમિતોની સંખ્યાના હિસાબે વિશ્વમાં ચોથા નંબર પર ચાલી રહેલા બ્રિટને ગુરુવારથી વર્ક ફ્રોમ હોમ બંધ કરી દીધું છે, એટલે કે હવે બધાએ ફરજીયાત ઓફિસમાં આવીને કામ કરવું પડશે. ગુરુવારે અહીં કોરોનાના ૧,૦૭,૩૬૪ નવા કેસ આવ્યા અને ૩૩૦ લોકોના મોત થયા, તેમ છતાં બ્રિટને આ નિર્ણય

● અનુસંધાન પાન-૭ પર



# ઓમિક્રોન મટે છે, પણ તેની અસર લાબાં સમય સુધી રહે છે

**ઓમિક્રોનને લઈ સ્ટડીમાં ધડાકો : વ્યક્તિ રોજિંદા કાર્યો યોગ્ય રીતે કરવામાં અસમર્થ થઈ જાય છે : આ લક્ષણોને બ્રેન ફોગ તરીકે ઓળખ્યા છે**

નવી દિલ્હી, તા.૨૧

કોરોના વાયરસના નવા વેરિયન્ટ ઓમિક્રોન પર સમગ્ર વિશ્વમાં વિવિધ અભ્યાસ કરવામાં આવી રહ્યા છે. આ તમામ વાતો વચ્ચે ઓમિક્રોનના નવા નવા લક્ષણો અને અસરો વિશે જાણવા મળી રહ્યું છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ઓમિક્રોનની અસર સંક્રમિત લોકો પર લાંબા સમય સુધી રહે છે. દ્વૈષ્ઠહિ ના કારણે સંક્રમિત થયેલો વ્યક્તિ રોજિંદા કાર્યો યોગ્ય રીતે કરવામાં અસમર્થ થઈ જાય છે. સંશોધકોએ ઓમિક્રોનના આ લક્ષણોને બ્રેન ફોગ તરીકે ઓળખ્યા છે.

અહેવાલ મુજબ બ્રેન ફોગ આપણી યાદશક્તિને અસર કરે છે. આ અભ્યાસ ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકો દ્વારા કરવામાં આવ્યો છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે લોકોમાં લાંબા સમય સુધી કોવિડના લક્ષણો ન હોવા છતાં, લોકોમાં બ્રેન ફોગની સમસ્યા જોવા મળી રહી છે. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે બ્રેન ફોગથી પ્રભાવિત લોકો આ સમયગાળા દરમિયાન તેમના જીવનમાં ભૂતકાળની ઘટનાઓને યાદ રાખવામાં અસમર્થ સાબિત થયા છે. આશ્ચર્યની વાત એ છે કે ટેસ્ટિંગ દરમિયાન કોરોના દર્દીઓમાં એવા કોઈ લક્ષણો જોવા મળ્યા ન હતા, પરંતુ તેમની યાદશક્તિમાં ઘટાડો જોવા મળ્યો હતો. ઓક્સફર્ડ યુનિવર્સિટીના અભ્યાસ અનુસાર, આ લક્ષણો ઘણા મહિનાઓ સુધી તમારામાં રહી શકે છે.

જો કે વૈજ્ઞાનિકો હજુ સુધી એ શોધી શક્યા નથી કે ઓમિક્રોન યાદશક્તિ પર કેવી અસર કરે છે? સંશોધકોના જણાવ્યા અનુસાર, બ્રેન ફોગની અસર પછી સંક્રમિત લગભગ ૬ થી ૯ મહિના પછી સામાન્ય સ્થિતિમાં પાછો ફરી શકે છે. લાંબા સમયથી કોરોના સંક્રમિત દર્દીઓને સ્નાયુઓમાં દુખાવો, અનિયમિત ધબકારા, ઉધરસ અને અનિદ્રા જેવી સમસ્યાઓ થાય છે. જ્યારે, બ્રેન ફોગમાં લોકોને ખરાબ ઊંઘ, કામ કરવામાં અસમર્થતા અને કોઈપણ કામ યોગ્ય રીતે ન કરી શકવાની સમસ્યા ઉદ્દભવે છે.

ઉલ્લેખનીય છે કે ઓક્સફર્ડ યુનિવર્સિટીના અભ્યાસમાં ૨૬ વર્ષની વયના ૧૩૬ લોકો પર અભ્યાસ કરવામાં આવ્યો હતો. તેમાંથી ૫૩ લોકોએ જણાવ્યું કે તેમને કોરોના છે અને તેમનામાં હળવા લક્ષણો છે. આ લોકોની યાદશક્તિ અને ધ્યાન સંબંધિત ઘણા ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જેમાં આ તમામની એપિસોડિક મેમરી ખરાબ હોવાનું જાણવા મળ્યું હતું. તે પોતાના જીવનની જૂની ઘટનાઓને યોગ્ય રીતે યાદ રાખી શકતા નહોતા.

# યુએસમાં 5G નેટવર્કને કારણે વિમાનોની સિસ્ટમ ખોટકાઈ

**સિસ્ટમ ખોટકાતા ભારત સરકાર પણ દોડતી થઈ : ભારતીય પાઈલટ અને એરક્રાફ્ટ કંપનીઓ પ૮ને લઈને ચિંતિત**



નવી દિલ્હી, તા.૨૧

પ૮ મોબાઈલ બ્રોડબેન્ડ સર્વિસને લઈને દુનિયાભરમાં ચર્ચાઓ થઈ રહી છે ત્યારે ભારતમાં પ૮ સર્વિસ શરુ કરતા પહેલા ઉડ્ડયન મંત્રાલય આ ક્ષેત્રના ઉદ્યોગ સાહસિકો અને ટેલિકોમ ડિપાર્ટમેન્ટ સાથે બેઠક યોજી શકે છે. આ અંગે સિનિયર સરકારી અધિકારીએ જણાવ્યું કે, જો આમાં કોઈ ચિંતાનો વિષય કે સમસ્યા હોય તો તેણે ચર્ચા કરાશે. સ્થાનિક એવિએશન કંપની અને પાઈલટ દ્વારા પ૮ને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ વિચારણા અંગેનો નિર્ણય ત્યારે લેવામાં આવ્યો જ્યારે બુધવારે એર ઈન્ડિયા દ્વારા અમેરિકા જતી આઠ ફ્લાઈટ રદ્દ કરી છે, અમેરિકાની પ૮ સર્વિસના કારણે તેની અસર ફ્લાઈટની ઓટો પાઈલટ સિસ્ટમ અને રડાર અલ્ટીમીટર પર અસર પડી હતી. એર લાઈન્સ દ્વારા બોઈંગ ૭૭૭ની સર્વિસની ગુરુવારથી ફરી શરુઆત કરી છે. યુએસ ઓથોરિટી પાસેથી અપ્રુવલ મળ્યા બાદ એર ઈન્ડિયા દ્વારા ફરીથી ફ્લાઈટ શરુ કરી છે, જેમાં કેટલાક એરપોર્ટ માટે હનીવેલ એરોસ્પેસ ALA-૫૨ રેડિયો અલ્ટીમીટરવાળા બોઈંગ મૉડલ ધરાવતા વિમાનના સંચાલન અંગે મંજૂરી આપવામાં આવી છે.

# નરેન્દ્ર મોદી દુનિયાના સૌથી લોકપ્રિય નેતા બન્યા

**અમેરિકાના રાષ્ટ્રપતિને ઘણા પાછળ રાખ્યા : રિપોર્ટ પ્રમાણે નરેન્દ્ર મોદીને ૭૧% એપ્રુવલ રેટિંગ મળ્યું**

નવી દિલ્હી, તા.૨૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ફરી એક વખત દુનિયાના સૌથી લોકપ્રિય નેતા સાબિત થયા છે. વૈશ્વિક લોકપ્રિયતાના મામલે પ્રધાનમંત્રી મોદીનો મુકાબલો દુનિયાના ૧૩ નેતાઓ સાથે હતો. જેમાં અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન પણ સામેલ હતા. જે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીથી ઘણા પાછળ રહ્યા છે.



રિપોર્ટ પ્રમાણે નરેન્દ્ર મોદીને ૭૧% એપ્રુવલ રેટિંગ મળ્યું છે અને તે પ્રથમ સ્થાને છે. જ્યારે અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડેન ૪૩% રેટિંગ સાથે છઠ્ઠા સ્થાને છે. કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટૂડોને ૪૩% રેટિંગ મળી છે. જોકે તે નજીવા અંતરથી બાઈડેનથી પાછળ રહી ગયા છે. જ્યારે ઓસ્ટ્રેલિયાના પ્રધાનમંત્રી સ્કોટ મોરિસન ૪૧% રેટિંગ સાથે ટુડોથી પાછળ રહ્યા છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વૈશ્વિક લોકપ્રયિતાના મામલે પ્રથમ સ્થાને રહ્યા હોય તેવી પ્રથમ ઘટના નથી. ગત વર્ષે નવેમ્બરમાં પણ તેઓ આ યાદીમાં નંબર વન રહ્યા હતા. મે-૨૦૨૦માં તેમને આ યાદીમાં ૮૪% રેટિંગ મળ્યું હતું. જોકે મે-૨૦૨૧માં ઘટાડો થયો હતો અને ૬૩%ની આસપાસ હતી.

વર્ષ ૨૦૧૪માં વૈશ્વિક ટેકનિક પ્લેટફોર્મની સ્થાપના થઈ હતી. નામ મોર્નિંગ કંસલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજેન્સ રાખવામાં આવ્યું હતું. આ પ્લેટફોર્મ દુનિયાભરનાં ખાસ નેતાએ વિશે અન્ય દેશોના લોકો સાથે વાત કરીને સાપ્તાહિક આધારે તેમની લોકપ્રિયતાનો અંદાજ કરે છે. હાલ જે રેટિંગ પ્રકાશિત કરવામાં આવી છે તે ૧૩ થી ૧૯ જાન્યુઆરી ૨૦૨૨ દરમિયાન મળેલા ફિડબેક પર આધારિત છે. આ પ્લેટફોર્મ સાથે ૧૦૦ દેશોના લગભગ ૧૦ કરોડ લોકો જોડાયેલા છે. જેમાં લગભગ ૧.૫ કરોડ લોકોની સલાહ દર સપ્તાહે ખાસ વૈશ્વિક નેતાઓ વિશે મળે છે.

# ઈન્ડિયા ગેટ પર મૂકાશે નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરી જાહેરાત : ગ્રેનાઈટથી બનેલી પ્રતિમા સ્થાપિત કરવામાં આવશે, જે તેમના પ્રત્યે ભારતના ઋણી હોવાનું પ્રતિક હશે**

નવી દિલ્હી, તા.૨૧

દેશની રાજધાનીમાં ઈન્ડિયા ગેટ પર મહાન સ્વતંત્રતા સેનાની નેતાજી સુભાષચંદ્ર બોઝની મૂર્તિ લગાવવામાં આવશે. પીએમ મોદીએ આ જાહેરાત કરી છે. ઈન્ડિયા ગેટ પર ગ્રેનાઈટથી બનેલી નેતાજી સુભાષચંદ્ર બોઝની પ્રતિમા મૂકાશે.

પ્રધાનમંત્રીએ ટ્વીટ કરીને કહ્યું કે એવા સમયે કે જ્યારે આખો દેશ નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૨૫મી જયંતી ઉજવી રહ્યો છે, મને એ જણાવતા આનંદ થાય છે કે ગ્રેનાઈટથી બનેલી તેમની ભવ્ય પ્રતિમા ઈન્ડિયા ગેટ પર સ્થાપિત કરવામાં આવશે. જે તેમના પ્રત્યે ભારતના ઋણી હોવાનું પ્રતિક હશે.

પીએમ મોદીએ અન્ય એક ટ્વીટમાં લખ્યું કે જ્યાં સુધી નેતાજી બોઝની વિશાળ પ્રતિમા તૈયાર ન થઈ જાય ત્યાં સુધી તે જગ્યાએ એક હોલોગ્રામ પ્રતિમા લગાવવામાં આવશે.




# કર્ણાટકમાં વીકેન્ડ કર્ફ્યુ સમાપ્ત

બેંગલુરુ, તા.૨૧

કોરોનાના કેસોને જોતા ઘણા રાજ્યોએ કડક નિયંત્રણો લાદી દીધા હતા. પરંતુ હવે જેમ-જેમ રાજ્યોમાં કોરોનાના કેસમાં ઘટાડો થતાં હવે રાજ્ય સરકારો લોકોની સુવિધાને ધ્યાનમાં રાખીને નિયંત્રણો હળવા કરવા તૈયાર છે. કર્ણાટક સરકારે રાજ્યમાંથી વીકેન્ડ કર્ફ્યુ ખતમ કરવાની જાહેરાત કરી છે, પરંતુ આ સમયગાળા દરમિયાન રાત્રિ કર્ફ્યુ ચાલુ રહેશે. તમને જણાવી દઈએ કે દેશની રાજધાની દિલ્હીમાં પણ કોરોનાના કેસમાં ઘટાડો જોયા બાદ દિલ્હીમાંથી વીકએન્ડ કર્ફ્યુ હટાવવા પર વિચાર કરવામાં આવી રહ્યો છે. દિલ્હી સરકારે પણ એલજીને પત્ર લખીને બજારોમાં દુકાનો ખોલવા માટે લાગુ ઓડ-ઈવન સિસ્ટમને દૂર કરવાની ભલામણ કરી છે.

# ઉત્તર પ્રદેશમાં કોંગ્રેસ ૨૦ લાખ લોકોને નોકરી, શિક્ષકોની ભરતીનું વચન આપે છે

**ઉ.પ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો : ઘોષણાપત્ર પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દિલ્હીમાં બહાર પાડ્યું**

નવી દિલ્હી, તા.૨૧

ઉત્તર પ્રદેશમાં થનારી વિધાનસભા ચૂંટણી માટે કોંગ્રેસ પાર્ટીએ આજે ચૂંટણી ઢંઢેરો બહાર પાડ્યો અને રોજગારીના મુદ્દાને ઉઠાવ્યો. કોંગ્રેસનું ઘોષણાપત્ર પાર્ટીના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી અને પાર્ટી મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ દિલ્હીમાં બહાર પાડ્યું.

રોજગારીના મુદ્દાને ઉઠાવતા પ્રિયંકા ગાંધીએ ૨૦ લાખ લોકોને સરકારી નોકરી આપવાનું વચન આપ્યું અને કહ્યું કે આ અમારા પોકળ શબ્દો નથી, પરંતુ કોંગ્રેસની આખી રણનીતિ છે. તેમણે કહ્યું કે અમે રોજગારી કેવી રીતે અપાવીશું તે ઘોષણાપત્રમાં લખ્યું છે. રાહુલ ગાંધીએ કહયું કે દેશ અને યુપીની સમસ્યા હિન્દુસ્તાનના દરેક યુવાને ખબર છે. અમે યુપીના યુવાઓ સાથે વાતચીત કરીને તેમના વિચાર સામેલ કર્યા છે. અત્રે જણાવવાનું કે ઉત્તર પ્રદેશમાં આ વખતે ૪૦૩ વિધાનસભા બેઠકો પર સાત તબક્કામાં ચૂંટણી થશે અને મતગણતરી ૧૦ માર્ચે થશે. યુપીમાં વિધાનસભા ચૂંટણીની શરૂઆત ૧૦ ફેબ્રુઆરીના રોજ રાજ્યના પશ્ચિમી ભાગના ૧૧ જિલ્લાની ૫૮ બેઠકો પર મતદાન સાથે થશે.

